#009

👀 પસંદગી આપણી છે 😃

આપણે દરરોજ જે વિચારોને મનમાં જગ્યા આપીએ છીએ, એ વિચારો ધીમે ધીમે આપણી આદતો બને છે.
અને આ આદતો જ એક દિવસ આપણું વર્તન બની જાય છે.

નકારાત્મક વિચારોને પોષીશું,
તો સંજોગો કરતાં પહેલાં હારી જઈશું,

પણ સકારાત્મક વિચારોને પોષીશું,
તો મુશ્કેલી પણ આપણને મજબૂત બનાવશે.

મન એ જમીન છે —
જે વાવશો, એ જ ઉગશે.
આજે ગુસ્સો, ડર, શંકા વાવશો
તો કાલે અશાંતિ મળશે.

પણ વિશ્વાસ, ધીરજ અને આશા વાવશો
તો શાંતિ અને સફળતા મળશે.

એટલે આજથી જ પોતાને પૂછીએ—
હું કયા વિચારોને પોષી રહ્યો છું?

કારણ કે એ વિચારો જ આવતીકાલે
મારા વર્તન દ્વારા દુનિયાને દેખાશે.

વિચાર બદલો, તો વર્તન બદલાશે.. વર્તન બદલાશે, તો જીવન બદલાશે.